ધનસુરાના ખેડુતો ટ્રેકટરની સબસિડીથી વંચિત

ટુંક સમયમાં સબસિડી નહીં મળે તો ઉગ્ર આંદોલનની ચિમકી ખેડૂતોએ ઉચ્ચારી છે

ધનસુરા, તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં ખેડુતોને મીની ટ્રેકટરની સબસીડી નહીં મળતા પરિસ્થિતિ વિકટ બની છે. સબસીડીનો લાભ લેવાની લાલચે ટ્રેકટર લાવી બેઠેલા અનેક ખેડુતો હાલ ચાતક પક્ષીની જેમ સબસીડીની રાહ જોઈ રહ્યા છે. રાજય સરકાર દ્વારા હજુ સુધીગ્રાન્ટ નહીં મળતા ખેડૂતો વિકટ પરિસ્થિતિમાં મુકાયા છે. જયારે જિલ્લા પંચાયતના કર્મચારીઓ ખેડતોને હજુ સુધી ગ્રાન્ટ આવી નથી તેમ કહી ધક્કા ખવડાવે છે. ટ્રેકટરની ખરીદીને વર્ષ વીતી ગયું હોવા છતાં સબસીડી ન મળતા ખેડુતોની આર્થિક હાલત ખરાબ બની છે. ખેડૂતોએ આધુનિક સાધનોના ઉપયોગથી ખેતી કરવા માટે સરકારી યોજના અંતર્ગત મીની ટ્રેકટર સહિત રોટાવેટર અને અન્ય સાધનો ખરીદ્યા બાદ ખેડુતોને એક વર્ષ થી વધુ સમય થયો હોવા છતાં સબસીડી ન મળતા ખેડૂતો રોષે ભરાયા છે અને આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલનું ગૌરવ

ધનસુરા, તા.૧૭

એસ.એસ.સી. બોર્ડ માર્ચ ૨૦૧૩માં લેવાયેલ પરીક્ષામાં શ્રી ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શ્રી આર.એસ.વી.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલનું પરિણામ ૯૪.૬૦ ટકા આવેલ છે. જેમાં અત્રેની શાળાની વિદ્યાર્થીની કુ. જાહનવી હિતેશભાઈ પટેલ ૯૩.૮૩ ટકા તેમજ ૯૯.૯૪ પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળામાં પ્રથમ ક્રમે તેમજ ધનસુરા કેન્દ્રમાં કુ. પાયલ ભૂપેશભાઈ નિનામા ૯૩.૧૬ ટકા અને ૯૯.૯૦ પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળામાં દ્વિતીય તથા કુ. નમ્રતા બળદેવભાઈ પટેલ ૯૨.૫૧ ટકા અને ૯૯.૮૪ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળામાં તૃતીય ક્રમ મેળવવા બદલ કેળવણી મંડળના પ્રમુખ જે.વી. શાહ મંત્રી જે.સી. શાહ, એસ.જી. પટેલ અને શાળાના આચાર્યા શ્રીમતી દક્ષાબેન પટેલ તથા સ્ટાફે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

શારદા વિદ્યા મંદિર શાળાનું ધોરણ-૧૦માં સો ટકા પરિણામ

દાંતીવાડા, તા. ૧૭

દાંતીવાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ ગોઢ ગામની શારદા વિદ્યામંદિર શાળાનું ધોરણ-૧૦નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. શાળાનું પરિણામ ઉંચુ આવતા આચાર્ય રમેશભાઈને આસપાસના ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા. દાંતીવાડા તાલુકા પંથકથી ૧૫ કિ.મી. દૂર અંતરાળ વિસ્તારમાં ગોઢ ગામ આવેલું છે. ગામમાં આવેલ શારદા વિદ્યા મંદિર શાળામાં ધોરણ-૯, ૧૦, ૧૧ સુધીનો અભ્યાસ ભણાવવામાં આવે છે.

શાળાનું ૧૦૦ ટકા પરિણામ તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષથી જળવાઈ રહ્યું છે. આ વર્ષે ધોરણ-૧૦માં પ્રથમ ક્રમે જાખડીયા કૈલાશ ડાહ્યાભાઈ ૮૬ ટકા પ્રાપ્ત કર્યા છે. અંતરીયાળ વિસ્તારમાં શાળા આવેલી હોવાથી અહી પછાતવર્ગના છોકરાઓ આવે છે. જેમને સ્કૂલની ફી ભરવામાં તકલીફ પડે છે. પાણીની અછત હોવાથી ખેતીની આવક પણ ખુબ ઓછી થાય છે. જેથી વાલીઓને ફી ભરવામાં મુશ્કેલી વેઠવી પડે છે. અંતરિયાળ વિસ્તારની શાળા આટલુ સારૂ પરિણામ મેળવતી શાળા ગ્રાન્ટેબલ થાય તો ખેડૂતોને પોતાના દિકરા-દિકરીઓની ફીમાં રાહત મળે અને શાળાની સંખ્યામાં પણ વધારો થાય તેમ આસપાસના ગ્રામજનોની લાગણી છે.

કરિપુરા ગામેથી પી.વી.સી. પાઈપની ચોરી

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હરીપુરા કંપા (બાવસર) ગામની સીમમાંથી કોઈ ચોર ઈસમે ખેતરના શેઢા પર મુકેલ સેન્ટર પી.વી.સી. પાઈપની ચોરી કરી લઈ ગયેલાની ગાંભોઈ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ૧૫-૬-૧૩ના રોજ હરીપુરા કંપા (બાવસર) ગામના જશવંતાઈ ખેતાભાઈ પટેલના ખેતરના શેઢા પર મુકેલ સેન્ટર પી.વી.સી. પાઈપ સૂક્ષ્મ(ટપક) સિંચાઈની આશરે આઠ હજાર મીટર કિ. રૂ. ૨૫ હજારની કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલાની ગાંભોઈ પોલીસમથકે તા. ૧૭-૬-૧૩ના રોજ જશવંતભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાંડેના મામલે અરજીનો આજે મહત્વપૂર્ણ ચુકાદો

અમદાવાદ, તા.૧૭

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં નાસતા-ફરતા પી.પી. પાંડેને ભાગેડુ જાહેર કરવા સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં નવો વળાંક આવ્યો છે. પી.પી. પાંડેએ સીબીઆઈને એક પત્ર લખી જાણ કરી છે કે મારા વિરૂધ્ધ જે ભાગેડુ જાહેર કરવા સંદર્ભની અરજી દાખલ કરવામાં આવી છે તે બિનજરૂરી છે ઉપરાંત પત્રમાં તેમણે સતીષ વર્મા વિરૂધ્ધ પણ આક્ષેપો કર્યા છે. આ પત્ર સીબીઆઈએ અહેવાલ તરીકે કોર્ટમાં રજુ કર્યો હતો. આવતીકાલે કોર્ટે પી.પી. પાંડેને ભાગેડુ જાહેર કરવા અંગેની અરજીનો ચુકાદો આપે તેવી સંભાવના છે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં છેલ્લા ઘણા સમયથી નાસતા-ફરતા પી.પી. પાંડેએ સીબીઆઈને પત્ર લખી ખળભળાટ મચાવી ધીધી છે. પી.પી. પાંડેએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે સીબીઆઈ દ્વારા મને ભાગેડુ જાહેર કરવા જે કોર્ટમાં અરજી કરી છે તે બિનજરૂરી છે ઉપરાંત તેમણે સીબીઆઈને તપાસમાં મદદરૂપ થતાં સતીષ વર્મા સામે પણ તેમણે આક્ષેપો કર્યા છે. સીબીઆઈએ એ પત્ર સીબીઆઈ કોર્ટમાં રજુ કર્યો છે. સીબીઆઈની પી.પી. પાંડેને ભાગેડુ જાહેર કરવાની અરજીમાં ત્રણ વખત મુદત પડી છે અને કદાચ આવતીકાલે કોર્ટ પી.પી. પાંડેને ભાગેડુ જાહેર કરવા અંગેની ચુકાદો આપે તેવી સંભાવના છે.

ખેડબ્રહ્માની સોસાયટીમાં આવેલી હોસ્ટેલ ખસેડવા ભૂખ હડતાલ

પાલિકા દ્વારા સમય મર્યાદામાં હોસ્ટેલ અંગે કોઈ નિર્ણય ન લેતાં ઉપવાસ આંદોલન

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્માની લક્ષ્મી સોસાયટીમાં કાર્યરત વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલ ખસેડવાની લેખિત રજૂઆત પાલિકાએ ધ્યાને ન લેતાં સોસાયટીની એક મહિલા સહીત બે રહીશોએ સોમવારના રોજ આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે.

ખેડબ્રહ્માની લક્ષ્મી સોસાયટીમાં આઈડીયલી હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને રહેવાની સગવડ આપવામાં આવે છે. હોસ્ટેલથી થતી ગંદકી અને અવાજના પ્રદુણથી સોસાયટીના રહીશોમાં હોસ્ટેલ માટે વિરોધ ઉઠતાં હોસ્ટેલ ખસેડવા પાલિકાના ચીફ ઓફીસરને લેખીત રજૂઆત કરી હતી અને ૧૭ જૂનથી આમરણાંત ઉપવાસ ઉપર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી. આ વાતને દસ દિવસ કરતાં વધુ સમય વ્યતિત થયો હોવા છતાં પાલિકા દ્વારા હોસ્ટેલ ખસેડવા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં સોસાયટીના પરાક્રમસિંહ મહોબતસિંહ સોલંકી તથા વર્ષાબેન બીપીનભાઈ પટેલ નગરપાલિકા સામે સોમવારે બપોરના ૨.૩૦ વાગ્યાથી ભૂખ હડતાળ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે લક્ષ્મી સોસાયટીના રહીશોએ પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ જે. પરમારે તબેલો અને ઉકરડા બનાવી ગંદકી કરવામાં આવતા સોસાયટીના રહીશોએ આ તબેલો દૂર કરવા પણ પાલિકામાં લેખિત રજૂઆત કરી હતી. પણ પાલિકા દ્વારા આ સમસ્યાનો આજદિન સુધી કોઈ ઉકેલ ન કરતાં પ્રશ્ન લટકાવી રાખ્યો છે. સોસાયટી વિસ્તારમાં ઢોરનો તબેલો અને હોસ્ટેલથી રહીશો વાજ આવી ગયા છે.

આ અંગે ખેડબ્રહ્મા મામલતદાર એન.એન. મોદીએ આ અંગે એક કલાકનો સમય આપવાનું કહી વાત રાખવાનો પ્રયત્ન કર્યો હતો.

ઊંઝા તાલુકાના ગામોમાં બી.પી.એલ.ની યાદીમાં છબરડાં

ઊંઝા, તા. ૧૭

ઊંજા તાલુકાના કેટલાક ગામોમાં બનાવાયેલ બી.પી.એલ.ની યાદીમાં ગોટાળા થયેલ હોઈ સાચા લાભાર્થીઓની જગ્યાએ મોટા ભાગના ખોટા લાભાર્થીઓ જ સરકારની વિવિધ યોજનાઓનો ખોટી રીતે ગેરલાભ ઉઠાવી રહ્યા હોવાની બૂમરાણ ઉઠી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઊંઝા તાલુકાના ઉનાવા, ઐઠોર, સુણક, મક્તુપુર, ઉપેરા, ટુંડાવ, કરલી, વિશોળ, મહેરવાડા, વરવાડા, કંથરાવી, પળી, નવાપુરા વિગેરે ગામોમાં બી.પી.એલ.ની યાદીઓ બનાવવામાં આવી હતી. જેમાં મોટાપાયે ગોટાળાઓ થયા હોવાની જે તે વખતની ફરીયાદો સંદર્ભે ઉચ્ચકક્ષાએથી તપાસ થવાની માંગણી ઉઠી છે. પરંતુ તેની કોઈ તપાસ ન થતાં સાચા લાભાર્થીઓની જગ્યાએ મોટા ભાગે ખોટા લાભાર્થીઓ જ સરકારની વિવિધ યોજનાઓના વિશેષ લાભ મેળવી રહ્યા છે. જ્યારે સાચા લાભાર્થી સરકારી લાભ મેળવવાથી વંચિત રહી ગયા છે તેવુ બોલાય છે.

ઊંઝા તાલુકાના ગામોમાં સાચા ગરીબ વ્યક્તિઓનો બી.પી.એલ. યાદીઓમાં સમાવેશ થવો જોઈએ તે થયેલ નથી અને આમાં ગ્રામપંચાયત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકના ગ્રામસેવકો તેમજ સર્વે કરનાર અન્ય સરકારી એજન્સીના અધિકારીઓ-કર્મચારીઓની ભ્રષ્ટાચાર રૂપી મિલી ભગતથી ખોટા લાભાર્થીઓનો સમાવેશ કરીને લાભો મળે તેવો કારસો કરાયો હતો. પરિણામે સાચા લાભાર્થીઓ લાભથી વંચિત રહી ગયા છે અને મોટા ભાગે ખોટા લાભાર્થી જ લાભ મેળવી રહ્યા છે. બી.પી.એલ. યાદીમાં સાચા લાભાર્થીનો સમાવેશ ન કરનારા અને ખોટા લાભાર્થીને લાભ અપાવનાર સરકારી તંત્રના જવાબદાર અધિકારી-કર્મચારીઓ સામે સરકારે ઉંડી તપાસ કરી કાનુની રાહે કડક શિક્ષાત્મક પગલાં ભરવા જોઈએ તેવું સાચા લાભઆર્થીની માંગ ઉઠી છે.

ઉનાવા સહિતના કેટલાક ગામોમાં જમીન, મકાન ધરાવનાર સુખી સંપન્ન કહેવાતા વ્યક્તિઓ બી.પી.એલ. યોજનાનો ગેરકાયદેસર ગરીબ કલ્યાણ મેળામાં તેમજ રેશનીંગની દુકાનોમાંથી ગેરલાભ મેળવેલ છે. જેમાં ઉનાવામાં ખોટા લાભાર્થીઓની સંખ્યા સવિશેષ હોવાનું કહેવાય છે. તાજેતરમાં વિસનગર ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કેટલાય ખોટા લાભાર્થીએ સરકારી સહાય મેળવેલ છે. જેની ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ થાય તો સમગ્ર કૌભાંડ બહાર આવે તેમ છે.

પી.પી.એલ.ની યાદીમાં ન હોય તેવા લોકોને કઈ રીતે આ સહાય આપવામાં આવી છે તેની સમગ્ર પંથકમાં ચર્ચાએ જોર પકડ્યું છે. અધિકારીઓ દ્વારા ગરીબી રેખા નીચે જીવતા લોકોનો યોગ્ય સર્વે કરાયેલ નથી. અને સુખી સંપન્ન લોકોના નામ બી.પી.એલ. યાદીમાં દાખલ કરી જે તે અધિકારીઓ-કર્મચારીઓ ગેરરીતિઓ આચરી ખીસ્સા ગરમ કરી ગરીબીના માં નો કોળીયો છીનવી લીધેલ છે. ખોટા લાભાર્થીઓ સત્તા દરે અનાજ મેળવી તેના કાળાબજાર કરી રહ્યાનું પણ સર્વત્ર ચર્ચાય છે.

રોધરા પ્રાથમિક શાળામાં ચોરી કરવાના ઈરાદે કોમ્પ્યુર તોડી નાંખ્યું

ખેડબ્રહ્મા, તા.૧૭

ખેડબ્રહ્મા તાલુકાના રોધરા ગામજી પ્રાથમિક શાળામાં તા. ૧૦મે થી તા. ૧૦ જૂન સુધી ના સમયગાળામાં કોઈ ચોર ઈસમો શાળાના રૂમની બારી તોડી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ કોમ્પ્યુટરની તોડફોડ કરી કોમ્પ્યુટર નીચે પટકી પ્રિન્ટ તોડી નાખી તથા એક કોમ્પ્યુટર રૂમની બહાર ફેંકી દઈ ચોરી કરવાની કોશિશમાં રૂ. ૧૫૦૦૦નું નુકશાન પહોંચાડવા અંગે ઉર્મિલાબેન બધાજી મોડીયાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. વિરલ પટેલ ચલાવી રહ્યા છે.

ઉમેદપુરા ગામે ગોગા મહારાજનો પાટોત્સવ યોજાયો

હિંમતનગર, તા.૧૭

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામે આવેલા ગોગા મહારાજના મંદિરના પટાંગણમાં સતત છઠ્ઠા વર્ષે વાર્ષિક પૂજાયજ્ઞનું આયોજન ભગત શામળદાસના પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં અગિયાર દંપતિ પૂજામાં જોડાયા હતા. મુખ્ય યજમાન પદે જયુભાઈ શેઠે સ્થાન શોભાવ્યું હતું. પૂજાવિધિ જનકભાઈ શાસ્ત્રીના હસ્તે કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આશ્રમ નજીક બાઈક-જીપ વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના આશ્રમ પાસે જીપ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતાં એકનું મોત અને એકને ઈજા થયેલાની વિજયનગર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૧૬-૬-૧૩ને સોમવારના રોજ ભાંભુડી ગામના જુલાભાઈ સોમાભાઈ ભગોરા તથા અન્ય એક ઈસમ બાઈક નંબર જીજે-૯-સીજી-મ-૯૮૭ પર બેસી આશ્રમથી આંતરસુબા તરફ જઈ રહ્યા હતા. તે દરમ્યાન આંતરસુબા વચ્ચેના પુલીયા પરથી તેઓ મોટર સાયકલ લઈ જઈ રહ્યા હતા ત્યારે જીપ નંબર જીજે-૧-સી-એ-૧૫૩૨ સાથે બાઈક અથડાઈ ગઈ હતી જેથી અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલક જુલાભાઈ ભગોરાને ગંભીર ઈજા થતાં તેમને સારવાર મળે તે પહેલા મૃત્યુ નિપજ્યું હતું. આ અકસ્માતમાં ઘવાયેલ એક અન્યને ઈજા થતાં તેને સારવાર માટે તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી દ્વારા નજીકની હોસ્પિટલમાં લઈ જવાયો હોવાનું જાણવા મળે છે. આ અંગે વિજયનગર પોલીસ સ્ટેશને અનિલભાઈ રહે. ભાંભુડી, તા. વિજયનગરનાઓએ ફરીયાદ નોંધાવતા પોલીસે અકસ્માતે ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધર

સરકારી વિજ્ઞાન કોલેજ ઈડર તથા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ જાદરના નવનિર્મિત મકાનોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ તેમજ ઈડર તાલુકાના જાદર ખાતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના નવા મકાનનું લોકાર્પણ સામાજિક ન્યાય અને અધિકારીતા, રમત-ગમત અને યુવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે અને સાબરકાંઠા જિલ્લાના સંસદ સભ્યશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં રીબીન કાપી બન્ને નવા મકાનોને ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ નવનિર્મિત મકાનોને લોકાર્પણ કર્યા બાદ મંત્રીશ્રીએ અધ્યક્ષ સ્થાનેથી પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. તેથી શિક્ષણ ગુણવત્તા સભર મેળવવું એ તાતી જરૂરીયાત છે. હવેનો જમાનો શિક્ષણ કરતાં મેરીટનો છે. તેથી વિદ્યાર્થીઓએ ગમે તે ક્ષેત્રમાં મેરીટવાળું શિક્ષણ લેવું આવશ્યક છે. આજે ઈડરમાં વિજ્ઞાન કોલેજ રૂ. ૬ કરોડના ખર્ચે તથા વાણિજ્ય કોલેજ જાદર રૂ. ૮ કરોડ ઉપરાંતનો ખર્ચ કરી વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસના દ્વાર ખુલ્લા મુકવામાં આવ્યા છે. તો સૌ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ લેવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ પોતાના વિસ્તારમાં વિકાસના કામોમાં રૂકાવટ ના આવે અને દિવસે દિવસે વધુ વિસ્તારમાં પ્રગતિ થાય તે માટે હરહંમેશા તૈયાર રહેવા ઉપસ્થિત નાગરિકોને હૈયાધારણા આપી હતી.

આ પ્રસંગે સાબરકાંઠાના સાંસદશ્રીએ તથા અન્ય મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે ઈડર પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તથા ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પૂર્વ તાલુકા પ્રમુખ તાલુકા સદસ્ય વિસ્તારના સરપંચશ્રીઓ ગ્રામજનો અને કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

જુવાર	૩૪૦	૩૭૦
મગફળી	૬૬૪	૯૦૮
એરંડા	૬૮૨	૬૯૪
ઘઉં	૩૧૩	૩૬૫
બાજરી	૨૪૪	૨૯૮
ગવાર	૧૪૧૪	૧૪૫૨

સલાલ

મગફળી	૮૦૦	૯૨૦
ઘઉં	૩૦૦	૩૫૫
બાજરી	૨૫૦	૨૭૦
ડાંગર જવા	૫૦૦	૫૩૦
ડાંગર ગુજ	૩૪૦	૩૭૦

ધનસુરા

એરંડા	૬૭૦	૬૮૦
મકાઈ	૨૫૦	૨૮૦
ઘઉં	૩૧૦	૩૫૫
બાજરી	૨૬૫	૨૭૫
ગવાર	૧૨૮૦	૧૩૮૦

ખેડબ્રહ્મા

ઘઉંલોકવાન	૩૧૨	૩૩૦
ઘઉં૪૯૬	૩૨૦	૩૬૦
મકાઈ	૨૪૦	૨૭૨
એરંડા	૬૬૦	૬૭૦
મગફળી	૭૫૦	૮૪૦
મગ	૧૦૩૦	૧૦૬૦

મોડાસા

રાયડો	૫૮૦	૬૧૬
એરંડા	૬૬૦	૬૮૦
બાજરી	૨૬૫	૨૯૯
મકાઈ	૨૫૦	૨૯૨
ઘઉં	૩૦૫	૩૬૮
મગફળી	૭૦૦	૮૭૦
ગવાર	૧૩૮૦	૧૪૪૦
ચણા	૫૭૦	૭૯૦
જુવાર	૩૮૦	૪૨૪

ટીંટોઈ

એરંડા	૬૬૦	૬૭૮
બાજરી	૨૫૦	૨૭૦
મકાઈ	૨૩૦	૩૦૦
ઘઉં	૩૦૦	૩૫૦
મગફળી	૭૮૦	૮૯૦
ગવાર	૧૩૫૦	૧૪૨૫

દહેગામ

બાજરી	૨૮૩	૨૯૪
ઘઉં	૩૧૦	૩૪૦
ડાંગર	૨૭૫	૨૮૦
એરંડા	૬૮૫	૬૮૬
ગવાર	૧૨૫૦	૧૩૨૫
મકાઈ	૨૭૫	૩૦૦
તુવેર	૫૫૦	૬૫૦
જુવાર	૩૫૦	૩૮૦
રાયડો	૫૬૦	૬૦૦

રખિયાલ

બાજરી	૨૮૦	૩૩૫
ઘઉં	૩૦૫	૩૩૫
ડાંગર	૨૭૦	૨૭૫
એરંડા	૬૮૦	૬૮૫
ગવાર	૧૨૨૫	૧૩૦૦
મકાઈ	૨૬૫	૨૮૦
તુવેર	૫૨૫	૬૨૫
જુવાર	૩૪૦	૩૭૦
રાયડો	૫૫૦	૫૯૦

હિંમતનગર

મગફળી	૭૯૦	૮૯૦
એરંડા	૬૭૦	૬૮૦
મગ	૧૦૦૦	૧૦૫૦
ઘઉં	૩૧૫	૪૧૫
બાજરી	૨૬૦	૨૮૫
મકાઈ	૨૬૫	૨૯૧
ગવાર	૧૩૫૦	૧૪૭૦

ઈડર

ઘઉં	૩૨૦	૩૭૦
મકાઈ	૨૭૦	૨૯૦
એરંડા	૬૫૫	૬૭૨
બાજરી	૨૬૫	૨૮૭
મગફળી	૭૨૫	૯૨૧
ગવાર	૧૩૫૦	૧૪૨૨
મગ	૯૫૦	૧૦૯૦

પાલનપુર

ઘઉં	૩૦૦	૩૮૫
બાજરી	૨૫૭	૨૯૫
એરંડા	૬૫૫	૬૭૨
રાયડો	૫૯૩	૬૨૨
રાજગરો	૮૪૦	૧૦૩૮
જુવાર	૪૫૧	૬૧૩
મગફળી	૭૦૦	૯૨૮

સિદ્ધપુર

જવ	૨૬૬	૨૭૦
મગ	૧૨૦૧	-
રાયડો	૫૯૦	૬૩૫

એરંડા	૬૫૦	૬૮૭
ગવાર	૧૩૦૦	૧૪૯૧
ઘઉં	૨૮૦	૪૧૦
બાજરી	૨૪૦	૩૦૭
જુવાર	૨૮૩	૫૮૧

વિસનગર

ઘઉં	૩૦૦	૩૭૯
બાજરી	૨૨૦	૨૯૫
રાયડો	૫૭૫	૬૨૧
એરંડા	૬૬૦	૬૮૪.૫૦
કપાસ	૭૫૦	૯૩૫
જુવાર	૩૦૦	૫૬૦૦
જવ	૨૬૦	-
ગવાર	૧૩૦૦	૧૪૪૫
રાજગરો	૧૫૦૦	૧૭૫૦

મહેસાણા

જુવાર	૪૦૦	૪૩૦
ઘઉં	૨૯૦	૩૬૦
જીરૂ	૨૩૬૪	૨૩૮૭
રાયડો	૫૮૦	૬૧૬
સવા	૬૭૫	-
બાજરી	૨૪૩	૨૮૮
એરંડા	૬૬૦	૬૮૨
અજમો	૫૦૦	૯૬૫
રાજકાળી	૧૪૫૦	૧૪૬૫
ગવાર	૧૩૪૭	૧૪૬૫
બંટી	૩૮૦	-

આંબલીયાસણ

ઘઉં	૩૦૦	૩૭૯
બાજરી	૨૫૨	૨૮૮
રાયડો	૬૦૩	૬૧૮
એરંડા	૬૫૯	૬૭૦
ગવાર	૧૩૩૨	૧૪૬૦
જુવાર	૩૩૦	૩૯૨
રાજકાળી	૮૫૧	૨૫૨૫

જોટાણ

જુવાર	૩૬૦	૪૧૫
ઘઉં	૨૯૦	૩૬૬
એરંડા	૬૪૫	૬૬૪
રાયડો	૫૮૦	૬૦૭
બાજરી	૨૩૦	૨૫૧
ગવાર	૧૩૦૪	૧૩૨૨

હારીજ

રાયડો	૬૦૦	૬૨૫
એરંડા	૬૪૦	૬૭૦
સાસટો	૩૩૨	૪૩૪
બાજરી	૨૫૦	૨૮૧
ઘઉં	૨૯૫	૪૨૦
ગવાર	૧૩૩૦	૧૪૩૫
અડદ	૭૦૦	-
ચણા	૫૫૦	૬૦૦
જીરૂ	૨૨૫૦	૨૫૧૩
સવા	૬૦૦	૬૯૭
બંટી	૪૦૦	૪૦૫

કલોલ

ઘઉં	૩૦૭	૩૭૦
એરંડા	૬૬૦	૬૭૨
બાજરી	૨૬૦	૨૮૫
રાયડો	૬૦૦	૬૦૮
ડાંગર	૨૬૫	૩૬૫
ગવાર	૧૩૭૫	૧૪૨૫
જુવાર	૩૫૦	૪૩૦
જવ	૨૪૦	૨૫૫

બાયડ

એરંડા	૬૭૦	૬૯૦
ઘઉં	૩૦૦	૩૮૦
બાજરી	૨૬૦	૨૮૦
મકાઈ	૨૬૦	૩૦૦
ગવાર	૧૧૦૦	૧૨૦૦

પાટણ

જીરૂ	૧૭૦૦	૨૩૦૦
વરીયાળી	૯૫૦	૧૩૭૯
બંટી	૪૦૭	૪૧૨
રાયડો	૫૫૦	૬૪૩
એરંડા	૬૪૫	૭૦૦
ઘઉં	૩૦૦	૪૦૩
જુવાર	૩૫૦	૪૮૨
બાજરી	૨૫૫	૨૯૨
ગવાર	૧૩૦૦	૧૪૫૧
મેથી	૫૪૮	૫૫૮
સવા	૬૭૦	૭૪૦

ઉંઝા

અસાળીયો	૭૧૧	-
જીરૂ	૨૦૦૦	૨૭૯૫
વરીયાળી	૮૦૦	૧૭૯૦
ઈસબગુલ	૧૨૪૨	૧૪૫૫
સરસવ	૬૪૦	-
રાયડો	૫૯૦	૬૭૫
મેથી	૫૬૩	-
તલ	૧૭૭૦	૨૨૨૫
સવા	૬૪૧	૭૫૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન